RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 324 * Date: 14.09.2025,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# આખા દેશમાં ફટાકડા પર પ્રતિબંધ મૂકો:સુપ્રીમ



સુપ્રીમ કોર્ટમાં દિલ્હીમાં ફટાકડા પર પ્રતિબંધ મૂકવાના આદેશને પડકારતી અરજી પર સુનાવણી થઈ. ચીફ જસ્ટિસ બીઆર ગવઈએ કહ્યું કે જો દિલ્હી-એનસીઆરના શહેરોને હવા શુદ્ધ કરવાનો અધિકાર છે, તો પછી અન્ય શહેરોના લોકોને કેમ અધિકાર નથી?પ્રદૂષણ નિયંત્રણ મામલાની સુનાવણી કરતી વખતે, ઝત્નૈં ગવઈ અને ન્યાયાધીશ કે વિનોદ ચંદ્રનની બેન્ચે કહ્યું કે જો ફટાકડા પર પ્રતિબંધ મૂકવો હોય, તો તેના પર દેશભરમાં પ્રતિબંધ મૂકવો જોઈએ. સ્વચ્છ હવાનો અધિકાર ફક્ત દિલ્હી-દ્ગઝ્રઇ પૂરતો મર્યાદિત ન હોઈ શકે, પરંતુ સમગ્ર દેશના નાગરિકોને તે મળવો જોઈએ.તેમણે કહ્યું કે પર્યાવરણીય નીતિ જે પણ હોય, તે સમગ્ર ભારતમાં લાગુ થવી જોઈએ. આપણે દિલ્હી માટે નીતિ ફક્ત એટલા માટે બનાવી શકતા નથી કારણ કે દેશનો ઉચ્ચ વર્ગ અહીં છે.

હકીકતમાં, સુપ્રીમ કોર્ટના ૩ એપ્રિલ ૨૦૨૫ના આદેશને પડકારવામાં આવ્યો છે, જેમાં દિલ્હી-એનસીઆરમાં ફટાકડાના વેચાણ, સંગ્રહ, પરિવહન અને ઉત્પાદન પર સંપૂર્ણ પ્રતિબંધના આદેશમાં સુધારો કરવાની માંગ કરવામાં આવી છે.

સુનાવણી દરમિયાન, એમિકસ સિનિયર એડવોકેટ અપરાજિતા સિંહે કહ્યું કે સંપન્ન વર્ગ પોતાનું ધ્યાન રાખે છે. જ્યારે પ્રદૂષણ હોય છે ત્યારે તેઓ દિલ્હીની બહાર નીકળી જાય છે.દિલ્હી-એનસીઆરમાં ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ સામેની અરજી પર સુપ્રીમ કોર્ટે કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (ઝ્રછઊસ)ને નોટિસ જારી કરી અને બે અઠવાડિયામાં જવાબ દાખલ કરવા કહ્યું.

અગાઉ, એપ્રિલમાં દિલ્હી-એનસીઆરમાં ફટાકડા પર પ્રતિબંધ મૂકવાના કેસની સુનાવણી કરતી વખતે, સુપ્રીમ કોર્ટે તેને અત્યંત જરૂરી ગણાવ્યું હતું. કોર્ટે કહ્યું હતું કે પ્રતિબંધને થોડા મહિના સુધી મર્યાદિત રાખવાથી કોઈ હેતુ પૂરો થશે નહીં. લોકો આખા વર્ષ દરમિયાન ફટાકડા એકત્રિત કરશે અને પ્રતિબંધ લાદવામાં આવશે ત્યારે તેનું વેચાણ કરશે.

## વીજકરંટથી દંપતીનાં મોત મામલે ૫ લોકો સામે ફરિયાદ



અમદાવાદના નારોલ વિસ્તારમાં મટનગલી રોડ પર કરંટ લાગવાથી દંપતીના કરુણ મોતના મામલે મોટી બેદરકારી બહાર આવી છે. મૃતકના પરિવારજનની ફરિયાદના આધારે પોલીસે મ્યુનિસિપલ કોર્પોરેશનના બે અધિકારી અને કોન્ટ્રેક્ટરના ત્રણ કર્મચારીઓ સહિત પાંચ લોકો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. તપાસમાં ખૂલ્યું છે કે સ્ટ્રીટલાઇટના થાંભલા કાઢી નાખ્યા બાદ વાયરોનુ યોગ્ય રિપેરિંગ ન થવાને કારણે પાણીમાં કરંટ ફેલાયો હતો, જેના કારણે રાજન સિંઘલ અને તેની પત્ની અંકિતાનું મોત નિપજ્યું હતું.

અમદાવાદના નારોલ વિસ્તારમાં રુદ્ર ગ્રીન રેસિડેન્સીમાં રહેતાં હેતલબેન સિંઘલે નારોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે મારા પતિ હરજીવનભાઈને ફેફસાના ઈન્ફેક્શનની બીમારી હોવાથી એલ.જી. હોસ્પિટલ ખાતે સારવાર અર્થે દાખલ કર્યા હતા. તેમનો દીકરો રાજન અને તેની પત્ની ૮ ડિસેમ્બરના રોજ રાત્રે હોસ્પિટલે ટિફિન આપીને રાતના આશરે ૧૦ વાગ્યાની આસપાસ ઈસનપુરથી નારોલ રુદ્રગ્રીન રેસિડેન્સી ખાતે જવા નીકળ્યા હતા. આ દરમિયાન નારોલ મટનગલી રામદેવ એસ્ટેટ પાસે જાહેર રોડ ઉપર વરસાદનું પાણી ભરાયેલુ હતું.

દંપતી પાણીમાંથી એક્ટિવા લઈ પસાર થતા હતા, તે દરમિયાન પાણીમાં લીકેજ થયેલા કરંટના લીધે રાજન તથા તેની પત્ની અંકિતા પાણીમાં પડી ગયાં હતાં. ત્યાર બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ, ફાયરબ્રિગેડ અને પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ ઘટના સ્થળે પહોંચી અને બંનેની લાશને પીએમ અર્થે મોકલી આપી હતી. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી હતી.

## હિમાચલના બિલાસપુરમાં આભ ફાટ્યું, મંડીમાં ભૂસ્ખલન:૧૦ ગાડીઓ કાટમાળ નીચે દટાઈ, રસ્તો ધોવાયો

શુક્રવારે મોડી રાત્રે હિમાચલ પ્રદેશના બિલાસપુરના નામહોલમાં વાદળ ફાટ્યું. તેના કારણે ૧૦થી વધુ વાહનો કાટમાળ નીચે દટાઈ ગયા. રસ્તાઓ પણ ધોવાઈ ગયા, ઘણા ઘરોને પણ નુકસાન થયું. તે જ સમયે, શનિવારે સવારે ૪ વાગ્યે મંડી જિલ્લાના ધરમપુરના સપડી રોહ ગામમાં ભૂસ્ખલન થયું. ઘણા ઘરો કાટમાળથી ઘેરાયેલા છે. ૮ ઘરોને ખાલી કરાવવામાં આવ્યા છે.રાજ્યમાં વરસાદ અને પૂરને કારણે મૃત્યુઆંક ૩૮૬ પર પહોંચી ગયો છે. આ સિઝનમાં રાજ્યમાં સામાન્ય કરતાં ૪૩% વધુ વરસાદ પડ્યો છે. ૧ જૂનથી ૧૨ સપ્ટેમ્બર દરમિયાન ૨૬.૭૦ ઈંચ વરસાદ પડ્યો હતો, આ વખતે ૩૮.૦ ઈંચ વરસાદ પડ્યો છે.

યુપીના ઉન્નાવમાં ગંગાનું પાણીનું સ્તર ખતરાના નિશાનથી ૨૩ સેમી ઉપર છે. અહીં ૮૦ ગામો પૂરની ઝપેટમાં છે. ૧૦૦ થી વધુ પરિવારો બેઘર છે. ફરુખાબાદમાં, ગંગા કિનારાનું ધોવાણ વધ્યું છે. ગ્રામજનો પોતે જ પોતાના ઘર તોડી રહ્યા છે. તેઓ ઈંટો અને લોખંડના સળિયા પોતાની સાથે લઈ જઈ રહ્યા છે.




હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ વર્ષે દક્ષિણપશ્ચિમ ચોમાસાની વિદાય ૧૫ સપ્ટેમ્બરની આસપાસ પશ્ચિમ રાજસ્થાનથી શરૂ થઈ શકે છે. સામાન્ય રીતે ચોમાસુ ૧૭ સપ્ટેમ્બરની આસપાસ ઉત્તરપશ્ચિમ ભારતમાંથી વિદાય લેવાનું શરૂ કરે છે અને ૧૫ ઓક્ટોબર સુધીમાં સંપૂર્ણપણે વિદાય લે છે.

આ વર્ષે ચોમાસુ ૨૪ મેના રોજ કેરળમાં પહોંચ્યું હતું, જે ૨૦૦૯ કરતા ૮ દિવસ વહેલું હતું. આ પછી, તે ૯ દિવસ વહેલું એટલે કે ૨૯ જૂન સુધીમાં સમગ્ર દેશમાં ફેલાઈ ગયું, તે સામાન્ય રીતે ૮ જુલાઈ સુધીમાં સમગ્ર દેશને આવરી લે છે.અત્યાર સુધીમાં દેશમાં ૩૨.૮૮ ઈંચ વરસાદ પડ્યો છે, જ્યારે સામાન્ય વરસાદ ૩૦ ઈંચ માનવામાં આવે છે. આનો અર્થ એ થયો કે આ વખતે વરસાદ ૭% વધુ થયો છે. ઉત્તર-પશ્ચિમ ભારતમાં ૨૮.૩૬ ઈંચ વરસાદ પડ્યો છે, જે સામાન્ય કરતા ૩૪% વધુ છે. એક અભ્યાસ મુજબ, છેલ્લા ૫૦ વર્ષમાં, ચોમાસાનો સમયગાળો દર દાયકામાં લગભગ ૧.૬ દિવસ લંબાયો છે. આનો અર્થ એ થયો કે દરેક દાયકામાં પરત ફરવામાં થોડો વિલંબ થઈ રહ્યો છે.

## દિલ્હી-બોમ્બે હાઈકોર્ટમાં બોમ્બની ધમકી ખોટી નીકળી:ઈમેઈલમાં બપોરે વિસ્ફોટનો ઉલ્લેખ હતો



શુક્રવારે દિલ્હી હાઈકોર્ટ અને બોમ્બે હાઈકોર્ટને બોમ્બ ધમકીભર્યા ઈમેલ મોકલવામાં આવ્યા હતા. દિલ્હી હાઈકોર્ટને મોકલવામાં આવેલા ઈમેલમાં કહેવામાં આવ્યું હતું કે કોર્ટ રૂમમાં ૩ બોમ્બ મૂકવામાં આવ્યા છે અને બપોરે ૨ વાગ્યા સુધીમાં કોર્ટ કેમ્પસ ખાલી કરી દેવામાં આવે. આ પછી કોર્ટ ખાલી કરવામાં આવી હતી. બોમ્બ સ્ક્વોડ દ્વારા તપાસ કરવામાં આવી હતી, પરંતુ બોમ્બના સમાચાર ખોટા નીકળ્યા.દિલ્હી હાઈકોર્ટના થોડા સમય પછી, બોમ્બે હાઈકોર્ટને પણ બોમ્બ ધમકીનો ઈમેલ મોકલવામાં આવ્યો હતો. માહિતી મળતાં જ કોર્ટ કેમ્પસ ખાલી કરાવવામાં આવ્યો હતો. ન્યાયાધીશો, વકીલો અને અન્ય લોકોને ખાલી કરાવવામાં આવ્યા હતા. અહીં પણ શોધખોળ હાથ ધરવામાં આવી હતી. બોમ્બે હાઈકોર્ટ બાર એસોસિએશને લોકોને કેમ્પસ ખાલી કરવા માટે સંદેશ મોકલ્યો હતો.દિલ્હી હાઈકોર્ટને મોકલવામાં આવેલા ઈમેલનો વિષયઃ પવિત્ર શુક્રવારના વિસ્ફોટોમાં પાકિસ્તાન-તમિલનાડુની મિલીભગત, જજ રૂમ/કોર્ટ પરિસરમાં ૩ બોમ્બ મૂકવામાં આવ્યા છે. બપોરે ૨ વાગ્યા સુધીમાં ખાલી કરી દો.દિલ્હી-મુંબઈ ઉપરાંત આજે બિહારમાં પણ બોમ્બ વિસ્ફોટની ધમકીઓ આપવામાં આવી હતી. અહીં ૧૧ સપ્ટેમ્બરના રોજ બોમ્બ વિસ્ફોટની ધમકી આપતો મેઈલ મોકલવામાં આવ્યો હતો.

## ફ્રેન્ચ ફેશન-ડિઝાઈનર અમદાવાદ પર ઓળઘોળ:'મને સૌથી વધુ અમદાવાદમાં સુરક્ષાનો અહેસાસ થયો

થોડા દિવસ પહેલાં અમદાવાદ શહેરને દેશનું સૌથી સુરક્ષિત શહેર જાહેર કરવામાં આવ્યું હતું. જો કે શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જોતા સૌથી સુરક્ષિત શહેર હોવા સામે સવાલો ઊઠી રહ્યા છે. પરંતુ ફ્રેન્ચ ફેશન-ડિઝાઈનર જુલિયા શેન્યોની એક્સ પરની પોસ્ટ વાઈરલ થઈ છે. આ પોસ્ટમાં તેણે અમદાવાદને સૌથી સુરક્ષિત શહેરોમાંનું એક ગણાવ્યું હતું.

જુલિયા, મૂળ ફ્રાન્સના ગ્રેનોબલ શહેરની છે, તેમણે લિયોનમાં ફેશન-ડિઝાઈનરનો અભ્યાસ કર્યો અને પછી ડેન્માર્કના કોલ્ડિંગમાં માસ્ટર ડિગ્રી માટે ગઈ હતી. ત્યારબાદ તે વ્યવસાય અર્થે ભારત આવી હતી. જુલિયાની પોસ્ટ સોશિયલ મીડિયા પર ખૂબ વાઈરલ થઈ, ખાસ કરીને મહિલા તરીકે અમદાવાદમાં સુરક્ષિત અનુભવવા પર ભાર મૂક્યો છે. માત્ર એટલું જ નહીં, રાજ્યની શાંતિપૂર્ણ માહોલ અને સુરક્ષા માટે દારૂબંધીનું પણ યોગદાન હોવાનો ઉલ્લેખ કર્યો છે.

ભારતમાં તે સૌથી પહેલા અમદાવાદ શહેરમાં આવી હતી. દિલ્હી ગયા પહેલાં તે અહીં એક વર્ષ સુધી રહી હતી. લિયોન અને ડેનમાર્ક(કોલ્ડિંગ શહેર)માં હું વિદેશમાં સુરક્ષાને લઈ સચેત રહેતી હતી. આ શહેરોમાં હું રાત્રે બહાર જવા માટે ખૂબ ચિંતિત રહેતી હતી, પરંતુ અમદાવાદમાં મારો અનુભવ અલગ જ રહ્યો હતો. હું મિત્રો સાથે રાત્રે ૯ વાગ્યે સાબરમતી રિવરફ્રન્ટ પર ચાલવા માટે જતી હતી. અહીં તો બધા પરિવાર તથા મિત્રો સાથે રાત્રે હરતાફરતા રહે છે.



## તંત્રી લેખ...

# ઘરઆંગણે કિંમતી ધાતુઓમાં નવા રેકોર્ડ : મુંબઈ ચાંદી જીએસટી સાથે રૂ. ૧,૩૧,૦૦૦

અમેરિકામાં નબળી રોજગાર બજાર અને ઓગસ્ટનો ફુગાવો અપેક્ષા પ્રમાણે જ આવતા ફેડરલ રિઝર્વ દ્વારા આવતા સપ્તાહે વ્યાજ દરમાં કપાત હવે નિશ્ચિત બની ગઈ છે જેને પરિણામે દરેક કિંમતી ધાતુમાં રોકાણકારોની લેવાલી નીકળતા સપ્તાહ અંતે વિશ્વબજારમાં સોનાચાંદીમાં એકધારી તેજી જળવાઈ રહી હતી. વિશ્વબજાર પાછળ ઘરઆંગણે પણ સોનાચાંદીમાં નવા રેકોર્ડ જોવા મળ્યા છે. મુંબઈમાં ચાંદીના ભાવ જીએસટી સાથે રૂપિયા ૧,૩૦,૦૦૦ને વટાવી ગયા હતા. ક્રુડ તેલના ભાવમાં સુધારા તરફી વલણ જોવા મળ્યું હતું.ઘરઆંગણે મુંબઈ ઝવેરી બજારમાં ૯૯.૯૦ દસ ગ્રામ સોનાના જીએસટી વગરના ભાવ રૂપિયા ૧,૦૯,૭૦૮ રહ્યા હતા. ૯૯.૫૦ના પ્રતિ દસ ગ્રામ ભાવ રૂપિયા ૧,૦૯,૨૬૮ બોલાતા હતા. જીએસટી સાથે ભાવ ત્રણ ટકા ઊંચા મુકાતા હતા. ચાંદી .૯૯૯ એક કિલોના જીએસટી વગરના ભાવ રૂપિયા ૧,૨૮,૦૦૮ બોલાતા હતા. જીએસટી સાથેના ભાવ રૂપિયા ૧,૩૧,૦૦૦થી પણ વધુ મુકાતા હતા.


અમદાવાદ બજારમાં સોનાચાંદી નવી ઊંચી સપાટીએ જોવાયા હતા. ૯૯.૯૦ સોનાના દસ ગ્રામ દીઠ ભાવ ૧,૧૩,૫૦૦ જ્યારે ૯૯.૫૦ સોનાના દસ ગ્રામ દીઠ ૧,૧૩,૨૦૦ કવોટ થતા હતા. ચાંદી .૯૯૯ એક કિલોના રૂપિયા ૧,૨૯,૦૦૦ ઓલ ટાઈમ હાઈ રહ્યા હતા. વિશ્વ બજારમાં સોનુ ઔંસ દીઠ ૩૬૪૯ ડોલર જ્યારે ચાંદી પ્રતિ ઔંસ ૪૨.૧૦ ડોલર મુકાતી હતી. અન્ય કિંમતી ધાતુ પ્લેટિનમ ૧૪૦૦ ડોલર જ્યારે પેલેડિયમ ઔંસ દીઠ ૧૨૧૮ ડોલર મુકાતુ હતું. અમેરિકામાં ઓગસ્ટના રિટેલ ફુગાવાના આંક અપેક્ષા પ્રમાણે ૨.૯૦ ટકા આવતા અને બેરોજગારીના દાવા વધીને ચાર વર્ષની ટોચે પહોંચતા આવતા સપ્તાહે યોજાનારી ફેડરલ રિઝર્વની બેઠકમાં વ્યાજ દરમાં કપાત આવવાનું લગભગ નિશ્ચિત બનતા ડોલર ઈન્ડેકસ નબળો પડયો હતો અને કિંમતી ધાતુમાં રેલી જોવા મળી હતી. વર્તમાન સપ્તાહમાં સોનામાં ૯ ઓગસ્ટના ૩૯૭૩.૯૫ ડોલરની ઓલટાઈમ હાઈ પહોંચ્યા હતા. સોનામાં વર્તમાન વર્ષમાં અત્યારસુધીમાં ૪૦ ટકા વળતર પ્રાપ્ત થયાનું બજારના સુત્રોએ જણાવ્યું હતું.

# સરકારી વિનયન કૉલેજ,અમીરગઢમાં રાષ્ટ્રીય પોષણ માસ અંતર્ગત મિલેટ વાનગી સ્પર્ધા યોજાઈ



ભારત સરકાર તથા ગુજરાત સરકારશ્રી દ્વારા દર વર્ષે સપ્ટેમ્બર માસમાં રાષ્ટ્રીય પોષણ અભિયાનનું આયોજન કરવામાં આવે છે. જેનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓ તથા સમાજમાં પોષણ અંગે લોકજાગૃતિ ફેલાવવાનો છે. લોકોમાં સુપોષણ અને સ્વાસ્થ્ય સંબંધી જાગૃતતા આવે તેમજ લોકો કુપોષણનો ભોગ બનતા અટકે તે હેતુથી વિવિધ પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. જે સંદર્ભે સરકારશ્રીના પોષણ અભિયાનને સમર્થન આપવા તેમજ સમાજમાં સ્વસ્થ અને સમતોલ આહાર અંગે સભાનતા કેળવાય તેમજ જનમાનસમાં આપણાં પરંપરાગત સ્વદેશી ધાન્ય પાકોનો રોજિંદા જીવનમાં વપરાશ વધે અને લોકોનું આરોગ્ય જળવાય તે હેતુસર આજ રોજ સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ ખાતે એન.એસ.એસ. વિભાગ અને સપ્તધારા પ્રકલ્પ અન્વયે સર્જનાત્મક ધારાના સંયુક્ત ઉપક્રમે ‘પોષણ માસ’ ની ઉજવણી કરવામાં આવી. જેમાં અત્રેની કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા મિલેટ (જાડા ધાન્ય પાકો) જેવા કે બાજરો, જુવાર, મકાઈ, કોદરી, કાંગ, રાગી, બંટી અને રાજગરો વગેરે જેવાં મિલેટમાંથી વૈવિધ્યસભર વાનગીઓ બનાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ કૉલેજમાં ચૂલા ઉપર તદ્દન દેશી પદ્ધતિએ વાનગીઓ બનાવી હતી. જેમાં પ્રથમ નંબરે પટેલ વિધિબેન કે., દ્વિતીય નંબર પઢિયાર હિમાબેન એલ. તથા તૃતીય નંબર પરમાર રાજુભાઈ અને ડામોર વસ્તાભાઈએ સંયુક્ત રીતે મેળવ્યો હતો. કૉલેજના અધ્યાપકશ્રીઓએ સ્પર્ધકો દ્વારા તૈયાર કરવામાં આવેલી વાનગીઓની ચકાસણી કરી હતી.

આ સ્પર્ધાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં પોષણ અને સ્વચ્છતા વિશેની સભાનતા કેળવાય, તેનું મહત્ત્વ સમજાય તથા જાગૃતિ લાવવાનો હતો. આ સ્પર્ધામાં ૧૬ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સમગ્ર મિલેટ વાનગી સ્પર્ધાનું મૂલ્યાંકન ગુજરાતી વિભાગના પ્રો. ડૉ. વર્ષા એન. ચૌધરીએ અને હિન્દી વિભાગના પ્રો. ડૉ. નરેશ જોષી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સૌ અધ્યાપક મિત્રોનો યોગ્ય સહકાર સાંપડ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમ (સ્પર્ધા) નું આયોજન અને સંચાલન એન. એસ. એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મહેશ પ્રજાપતિ અને સર્જનાત્મક ધારાના કૉ. ઓર્ડિનેટર ડૉ. બ્રિજેસભાઈ પુરોહિત દ્વારા કૉલેજના આચાર્યશ્રી ડૉ. નયન કે. સોનારાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.




ગાંધીનગર ની નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે ઈન્ટરનેશનલ ફોરેન્સિક ઓડન્ટોલોજી કોન્ફરન્સ નું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ત્રિપુરા ના મુખ્ય મંત્રીડો માનિક સહા પણ આ ખાસ કાર્યક્રમ માં ઉપસ્થિત રહ્યા હતા. આજે આ કાર્યક્રમ અંતર્ગત એડવાન્સફોરેન્સિક વિષય અંગે એક દિવસની કોન્ફરન્સનું પણ ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. આ તબક્કે ત્રિપુરા ના મુખ્ય મંત્રી માનિક સહા એ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે આજે ગુજરાત ની નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સીટી સમગ્ર વિશ્વમાં ખ્યાતિ પ્રાપ્ત કરી રહી છે. એટલુજ નહિ એડવાન્સ ટેકનોલોજી સાથે એડવાન્સ સાયન્સ થી અનેક ગુન્હાઓ ઉકેલવામાં આવી રહ્યા હોવાની માહિતી આપી હતી આ તબક્કે તેમણે જણાવ્યું હતું કે આગામી ૨ ૨ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પણ ત્રિપુરા ની મુલાકાતે આવશે અને પહેલા નોરતે શક્તિપીઠ આવી માતાજીની પૂજાઅર્ચના કરશે આ ઉપરાંત એવો દાવો કર્યો હતો કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસો થી ત્રિપુરા આજે અનેક વિકાસ કરી રહ્યું છે.અને શાંતિ સુરક્ષા સાથે આંતકવાદ પ્રવૃત્તિઓ થી મુક્ત બન્યું હોવાનો દાવો કર્યો હતો.જ્યારે દ્દહ્યજેં ના વાઈસ ચાન્સેલર ડો જે એમ વ્યાસે આજના કાર્યક્રમ અંગે વિગતવાર માહિતી પણ આપી હતી.

# દહેગામની ૩ ગેરકાયદે દુકાનો ઉપર બુલડોઝર ફેરવી દેવાયું

ગાંધીનગર : દહેગામ શહેરમાં વરસાદી પાણીના નિકાલમાં અવરોધ ઉભો કરતા ગેરકાયદેસર દબાણોને હટાવવા માટે નગરપાલિકા અને વહીવટી તંત્ર દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરાઈ છે. ગુજરાત હાઈકોર્ટના આદેશને પગલે પૂણમા હાઈસ્કૂલ નજીક આવેલી ત્રણ દુકાનોનું ડિમોલિશન કરવામાં આવ્યું છે જેનાથી શહેરની ડ્રેનેજ સમસ્યાને નિવારવામાં મદદ મળશે.ગાંધીનગર જિલ્લાના દહેગામ શહેરમાં વરસાદી પાણીના નિકાલમાં અવરોધ ઉભો કરતા ગેરકાયદેસર દબાણોને દૂર કરવા માટે આજે નગરપાલિકા દ્વારા કાર્યવાહી હાથ ધરાઈ છે.દહેગામ નગરના પૂણમા હાઈસ્કૂલના ઢાળ પાસે આવેલી ત્રણ દુકાનો, જે ડ્રેનેજ વ્યવસ્થાને અવરોધી રહી હતી, તેને હાઈકોર્ટના હુકમના પાલનમાં ડિમોલિશ કરવામાં આવી છે.આ કાર્યવાહી દહેગામ નગરપાલિકા, મામલતદાર કચેરી, સીટી સર્વે કચેરી, પોલીસ સ્ટેશન અને યુજીવીસીએલના દ્વારા સંયુક્તરીતે હાથ ધરવામાં આવી છે. આ દબાણોના કારણે વરસાદ દરમિયાન શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા ઊભી થતી હતી, જેના નિવારણ માટે આ પગલું ભરવું જરૂરી બન્યું હતું.ગુજરાત હાઈકોર્ટના આદેશને પગલે દહેગામ શહેરમાં વરસાદી પાણીના નિકાલની સમસ્યાને ઉકેલવા માટે દબાણ હટાવવાની આ કાર્યવાહી ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થશે. આ ત્રણ દુકાનો ડ્રેનેજ લાઈનના માર્ગમાં અવરોધ ઉભો કરી રહી હતી, જેના કારણે શહેરના નાગરિકોને વરસાદી તુમાં પાણી ભરાવાની સમસ્યાનો સામનો કરવો પડતો હતો. આ કાર્યવાહી દરમિયાન સ્થાનિક વહીવટી તંત્રે પૂરતી તકેદારી રાખી અને પોલીસની હાજરીમાં શાંતિપૂર્ણ રીતે દબાણ હટાવવામાં આવ્યું છે.

# ધાનેરા દુધ મંડળીની ૪૩ મી સાધારણ સભામાં ૮.૫૦ ટકાનો ભાવવધારો ચુકવવાનો નિર્ણય લેવાયો



ધાનેરા ખાતે આવેલ ધી ધાનેરા દુધ ઉત્પાદક સહકારી મંડળીની ૪૩ મી સાધારણ સભા શનિવારે મંડળીના મકાન ખાતે યોજાઇ હતી. જેમાં મોટી સંખ્યામાં દુધ ઉત્પાદકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. જેમાં દુધ મંડળીના મંત્રી તથા ચેરમેન ની સાથે સાથે તમામ કમીટી સભ્યો અને બનાસડેરીમાં થી ઝોનલ અધિકારી નારણભાઇ પટેલ સહિત વિસ્તરણ અધિકારી અને સુપરવાઇઝર પણ ખાસ હાજર રહેલ. અને તેમની હાજરીમાં સાધારણ સભા સરૂ કરવામાં આવતા એજન્ડા પ્રમાણે ના મુદ્દાઓ બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જેમાં આ વર્ષે દુધ ઉત્પાદકોને ૮.૫૦ ટકાનો ભાવ વધારો ચુકવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ અંગે માનદમંત્રી પ્રેમાભાઇ પટેલે જણાવેલ કે હાલમાં આ મંડળી માટે ૬૦ લાખના ખર્ચે અધતન બિલ્ડીંગ પણ બની રહ્યુ છે. તેમજ જે સભાસદ બનાવવાનો મામલો છે તેમાં કેટલાક લોકો કોર્ટમાં ગયેલ હોવાથી તેમના સિવાય અન્ય દુધ ગ્રાહકોને મંડળીના કાયદાઓમાં રહીને સભાસદ બનાવવામાં આવશે તેમજે જે કોર્ટમાં ગયા છે તેમાં જે કોર્ટ નિર્ણય કરશે તે મુજબ સભાસદ બનાવવામાં આવશે. આ દુધ મંડળીમાં સારો વહીવટ હોવાના કારણે સારો ભાવ વધારો પણ આપેલ છે તેમજ હાલમાં મંડળીનું અધતન મકાન પણ મવી રહ્યુ છે જેથી આગામી સમયમાં મંડળી માટે કોઇ મકાન ભાડે લેવા નહી પડે અને પશુપાલકોને પણ મોટો ફાયદો થસે.

# સ્વચ્છતાનો સંદેશ ફેલાવવા માટે સ્વચ્છ ભારત મિશન-અર્બન ગુજરાત હેઠળ શેરીનાટક, ભવાઈ અને કઠપૂતળીના શૉનું આયોજન કરવામાં આવ્યું







ગાંધીનગર, ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૫: સ્વચ્છ ભારત મિશન-અર્બન ગુજરાતે હાલમાં જ પૂરી થયેલી પોતાની ઝુંબેશ ‘હું અલગ છું’ના ભાગરૂપે, ગાંધીનગર ઝોનનાં વિવિધ સ્થળોએ શેરીનાટક, ભવાઈ અને કઠપૂતળીના શૉનું આયોજન કર્યું હતું. શાળાઓ, જાહેર સ્થળો અને સામુદાયિક મેળાવડાઓ મારફતે નાગરિકો સુધી સ્વચ્છતા જાળવવાનો અને સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગને ટાળવાનો સંદેશો પહોંચાડવા માટે રાજ્યની ૨૮ નગરપાલિકાઓને આવરી લઈને આ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.આ અભિયાને ભીના અને સૂકા કચરાને ઘરેલું સ્તરથી જ અલગ પાડવા અને સિંગલ-યુઝ પ્લાસ્ટિકના ઉપયોગને ઘટાડવાના મહત્ત્વને ઉજાગર કરવા માટે લોકોને રંગમંચના માધ્યમથી જોડ્યા હતાં. પરંપરાગત લોકકથાઓ, રમૂજ અને મજબૂત પાત્રાલેખનનો ઉપયોગ કરીને કલાકારોએ દર્શાવ્યું હતું કે, કેવી રીતે રોજિંદી આદતો જમીન, પાણી, હવાની ગુણવત્તા અને જાહેર સ્વાસ્થ્ય પર અસર કરે છે. નાગરિકોને કપડાંની થેલીઓ, ઘરેલું કમ્પોસ્ટિંગ અને સામુદાયિક સ્વચ્છતા અભિયાન જેવા પર્યાવરણને અનુકૂળ વ્યવહારો અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.ગુજરાત સરકારના ‘નિર્મળ ગુજરાત ૨.૦’ મિશનને અનુરૂપ, દરેક શૉના આયોજન દરમિયાન સેટ તૈયાર કરવા અને પ્રોપ્સમાં પ્લાસ્ટિકનો ઉપયોગ કરવામાં આવ્યો નહોતો. આ અભિયાનને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર માર્કેટિંગ દ્વારા પણ વધુ અસરકારક બનાવવામાં આવ્યું છે.

ગુજરાતના માનનીય એમડી, એસબીએમ(યુ) શ્રી એમ. નાગરાજન (આઈએએસ)ના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર ઝોનમાં કુલ ૮૧ શેરીનાટક, ૮૪ ભવાઈ અને ૨૧ કઠપૂતળીના શૉને રજૂ કરવામાં આવ્યાં હતાં. ૧૦૦-૧૫૦ નાગરિકોએ આવા દરેક પર્ફોર્મન્સને નિહાળ્યાં હતાં, જેમાં કાગળ બચાવવા માટે ક્યુઆર-આધારિત ગૂગલ ફોર્મ દ્વારા પ્રતિભાવ એકઠાં કરવામાં આવ્યાં હતાં.શેરીનાટક, ભવાઈ અને કઠપૂતળીના શૉ જેવા લોકકલાના સ્વરૂપોએ આસપાસના વિસ્તારો, શાળાઓ અને જાહેર સ્થળોએ સીધી જાગૃતિ ફેલાવી હતી તથા ‘હું અલગ છું’ ઝુંબેશે ‘ક્લીનલીનેસ ઈઝ નોટ જસ્ટ એ સ્લોગન બટ એ કમ્યુનિટી-ડ્રિવન મૂવમેન્ટ’ થીમને વધુ સુદ્રઢ બનાવી છે.

# ૧૫મી સપ્ટેમ્બરે સરદાર સન્માન યાત્રાનું ગાંધીનગરમાં સ્વાગત કરાશે:ઉમિયા મંદિર ખાતે મુખ્ય કાર્યક્રમ,૫૦૦ ફૂટ લાંબા ત્રિરંગા સાથે યાત્રાને આવકાર; મુખ્યમંત્રી સહિતના અગ્રણીઓ જોડાશે

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે બારડોલીથી સોમનાથ સુધીની ‘સરદાર સન્માન યાત્રા‘ આગામી ૧૫ સપ્ટેમ્બર સોમવારના રોજ ગાંધીનગર પહોંચશે. આ યાત્રાનું ભવ્ય સ્વાગત કરવા માટે ગાંધીનગર સરદાર સન્માન યાત્રા કમિટી અને વિવિધ સંસ્થાઓ દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. આ યાત્રામાં સરદાર પટેલના સ્ટેચ્યુ સાથેના રથ ઉપરાંત અંદાજિત ૧૦૦ જેટલી ગાડીઓ જોડાશે.આ અંગે સરદાર સન્માન યાત્રા કમિટીના મહેન્દ્ર પટેલ (દાસ) એ જણાવ્યું કે, ગાંધીનગરમાં આ યાત્રા સવારે ૮.૩૦ કલાકે ઈન્દિરા બ્રિજથી ભાટ ખાતે પ્રવેશ કરશે. યાત્રા ભાટ, કોબા સર્કલ, પીડીપીયુ રોડ થઈને રાંદેસણ ખાતે પહોંચશે, જ્યાં મહારાજા કૃષ્ણસિંહજી ગોહિલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. અહીં ભાટ અને કોટેશ્વરના લોકો મોટી સંખ્યામાં સ્વાગત કરશે. તથા રાજપૂત સમાજના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહેશે.ત્યારબાદ યાત્રા કુડાસણ પહોંચશે જ્યાં સરદાર ચોક ખાતે સરદાર પટેલની પ્રતિમાને હાર પહેરાવવામાં આવશે. અહીં કૂડાસણ અને સરગાસણ વિસ્તારના લોકો દ્વારા યાત્રાનું સન્માન કરવામાં આવશે.યાત્રાનો મુખ્ય સ્વાગત કાર્યક્રમ સવારે ૯.૩૦ વાગ્યે સેક્ટર-૧૨ સ્થિત ઉમિયા માતાના મંદિર ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં દેશી ઢોલના તાલે અને માથે કળશ સાથે વિશાળ સંખ્યામાં બહેનો યાત્રાનું સ્વાગત કરશે. આ સભામાં ગાંધીનગરમાં વસવાટ કરતી તમામ જ્ઞાતિઓ અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ હાજર રહેશે. આ ઉપરાંત યાત્રાના આયોજકો દ્વારા ગાંધીનગર અને જિલ્લાના રાજવી પરિવારો સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવારો અને શહીદ સૈનિકોના પરિવારોનું સન્માન કરવામાં આવશે. આ કાર્યક્રમ આશરે ૩૦ મિનિટનો રહેશે.આ યાત્રામાં યુવાનોનો સહયોગ સુનિશ્ચિત કરવા માટે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓએ પણ તૈયારીઓ કરી છે. ચૌધરી વિદ્યાસંકુલ અને સ્વામિનારાયણ ગુરુકુલના વિદ્યાર્થીઓ માનવ સાંકળ બનાવીને યાત્રાનું સ્વાગત કરશે. કડી કેમ્પસના વિદ્યાર્થીઓ ૫૦૦ ફૂટ લાંબા ત્રિરંગા સાથે યાત્રાનું ભવ્ય સ્વાગત કરશે. યાત્રાના આયોજકો દ્વારા તમામ સમાજો, સંસ્થાઓ અને સોસાયટીના પ્રમુખોની બેઠકો યોજીને વધુમાં વધુ લોકો જોડાય તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

યાત્રાના રૂટ પર ટ્રાફિકની યોગ્ય વ્યવસ્થા જળવાય તે માટે પોલીસ અધિક્ષકને પણ જાણ કરવામાં આવી છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOGSS NO: 382

વિષય- "શ્રાદ્ધ પક્ષ"

પ્રકાર : પદ્ય - શબ્દો : ૧૧૦

પુનિત ‘મહાલય’ શ્રાધ્ધપપ.

ભાદરવાના કૃષ્ણ પક્ષે પુનિત ‘મહાલય’ શ્રાધ્ધ
ને છે ખ્યાત દેવપૂજા, શુક્લપક્ષે મમ ભારત દેશ

દઈએ ડગ જો પીંડ દાને,પુણ્ય અમરકંટક ધામ
પિતૃઓ વરસાવતા શિરે, પ્રીતડી પરમ વિશેષ

લઈ ખોબામાં તલ પુષ્પ ને કરવા રે મન સંકલ્પ
સ્મરી શ્રધ્ધાથી નામ-ગોત્રને પછી અર્પવા રે અર્પણ.

ત્રિકાળ સ્નાન સંધ્યાથી બસ કરવા રે પિતૃ પૂજન
કરે જે ભાવથી શ્રાધ્ધ, ફળદાયી કૃપા કરજો યાચે સ્વજન

જાશું ભાવે ગંગાજી કે નર્મદાજી તટ, કે લાગે ભલું સરોવર તીર
ગયા, સિધ્ધપુર સરસ્વતી તીર્થે, હાલો જઈએ, અર્પવા શ્રધ્ધા તર્પણ નીર.
પધારજો પિતૃલોકથી, પંચ મહાયજ્ઞે તમે વિશ્વદેવોને સંગ
ઉતરે પિતૃઋણ કુટુમ્બનું ને પામીએ સંસારે સર્વ આનંદ.

રમેશ પટેલ(આકાશદીપ)

★★★★★★★

**NOGG SS no 351**

વિષયઃ શ્રાદ્ધ પક્ષ

શીર્ષકઃ શ્રાદ્ધ

પ્રકારઃ ગદ્ય શબ્દઃ ૨૮૨

પ્રકારશ્રાદ્ધ એક ધાર્મિક વિધિ છે .જે હિન્દુઓ તેમના મૃત પૂર્વજોને શ્રદ્ધાંજલિ આપવા માટે કરે છે, એવી માન્યતા છે કે શ્રાદ્ધ કરવાથી આપણા મૃત પૂર્વજો એટલે પિતૃને મોક્ષ ગતિ તરફ લઈ જાય છે, શ્રાદ્ધપક્ષ ભાદરવામાં સોળ દિવસ માટે આવે છે જે પૂનમ થી લઈને અમાસ સુધી હોય છે. પૂર્વજને યાદ કરીને તેમને નિતનવા ભોજન ખવડાવીએ છીએ જે કાગડાને આપવામાં આવે છે તેને કાગવાસ કહેવાય છે, ગાય ને ગૌગ્રાસ આપવામાં આવે છે, કુતરા માટે પણ ભોજન કાઢવામાં આવે છે. આપણા વડવાઓ અને સ્વર્ગસ્થ માતા પિતાને યાદ કરીને ભોજન અર્પણ કરવામાં આવે છે બ્રાહ્મણને બોલાવીને શ્રાદ્ધ ની વિધિ કરવામાં આવે છે અને ખીર ,પૂરી, લાડવા નું જમણવાર હોય છે.

હિંદુ ધર્મમાં પિતૃ પક્ષનું વિશેષ મહત્વ છે તેમાં તર્પણ, પિંડદાન અને શ્રાદ્ધ વિધિ કરવામાં આવે છે, એવી માન્યતા છે કે સોળ દિવસ આપણા પૂર્વજો પૃથ્વી પર આવે છે ત્યારે તેમને વિધિ વિધાન થી સંતુષ્ટ કરવાથી પિત્રદોષ દૂર થાય છે પરિવારમાં સુખ શાંતિ સાથે આશીર્વાદ લાવે છે. પિતૃઋણ ઉતારવા માટે આ શ્રેષ્ઠ દિવસો છે,ગીતાજી અનુસાર શ્રીકૃષ્ણ ભગવાન કહે છે જો શ્રાદ્ધ શ્રદ્ધાથી કરવામાં આવે તો એ શ્રાદ્ધ આશીર્વાદ રૂપ બની જાય છે.

શ્રાદ્ધતો મૃતકની તિથિ પ્રમાણે કરવામાં આવે છે જે દિવસે કોઈ વ્યક્તિનું મૃત્યુ થયું હોય તે દિવસે તેનું શ્રાદ્ધ વિધિ કરવામાં આવે છે અને મૃતક ની તિથિ ના ખબર હોય તો અમાસને દિવસે સર્વ પિતૃની તર્પણ વિધિ કરવામાં આવે છે, તે દિવસે ગરીબોને દાન, બ્રહ્મભોજ અને વિશેષ ગાય, કુતરાને કાગડાને ભોજન કરાવવામાં આવે છે એમ કહેવાય છેઃ

પિતૃભક્તિઃ પર પાવનં, પિતૃપૂજા પરા ક્રિયા
પિતૃસ્મરણમાત્રેણ પવિત્રં લભ્યતે ધ્રુવમ ધ્રુવ્

પિતૃભક્તિ તે પાવન છે, તે સર્વથી શ્રેષ્ઠ અને આપણો પવિત્ર ધર્મ છે પિતૃપૂજા પૂર્વજોને યાદ કરીને તર્પણ વિધિ થાય છે તેને ઉત્તમ ક્રિયા માનવામાં આવે છે, પિતૃઓના સ્મરણ માત્રથી આપણું જીવન પવિત્ર બની જાય છે.

જયશ્રી વાઘેલા (મુંબઈ)

# વડોદરામાં દારૂના કટિંગ સમયે જ પોલીસ ત્રાટકી, ૧,૨૬૮ દારૂની બોટલ સાથે ૬.૭૨ લાખનો મુદ્દામાલ કબજે



પાણીગેટ પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન માહિતી મળી હતી કે, વાઘોડિયા રોડ બી.પી.એસ. સ્કૂલ પાસે આવેલી અંબિકા ધામ સોસાયટીમાં રહેતો રવિ કહાર પીકઅપ ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો લાવ્યો છે અને પોતાના ઘર પાસે ઉતારી રહ્યો છે. જેથી,પોલીસ સ્ટાફે ઉપરોક્ત સ્થળે રેડ કરતા એક જીપ ઉભી હતી અને તેની નજીક ઉભેલા રવિ કનુભાઇ કહારને કોર્ડન કરીને પકડી લીધો હતો. પોલીસે જીપ તથા આરોપીના ઘરમાંથી દારૂની ૧,૨૬૮ બોટલ કિંમત રૂપિયા ૨.૬૨ લાખની કબજે કરી હતી. પોલીસે દારૂ, જીપ, મોબાઇલ ફોન મળી કુલ ૬.૭૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. જ્યારે જીપનો ડ્રાઇવર દિનેશભાઇ (રહે. સેલવાસ) ભાગી ગયો હોઇ પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો છે.


# વડોદરામાં વિધર્મી યુવકે નામ બદલીને પરિણીતાને પ્રેમજાળમાં ફસાવી




કેટરિંગનું કામ કરતી ૩૪ વર્ષની પરિણીતાને પતિ સાથે અણબનાવ થતા તેના દીકરાને લઇને એકલી રહે છે. અઢી વર્ષ પહેલા વાઘોડિયા કેટરિંગના કામ માટે ગઇ હતી. તે દરમિયાન પ્રતિક પટેલનો સંપર્ક થયો હતો. તેણે કહ્યું હતું કે, કેટરિંગ અને ઈવેન્ટનું કામ હશે તો બોલાવીશ. ત્યારબાદ અવાર-નવાર તેઓ વચ્ચે વાતચીત થતી હતી અને પ્રેમ સંબંધ થયો હતો. ફેબ્રુઆરી-૨૦૨૩માં પ્રતિક પટેલે પરિણીતાના ઘરે જઇ લગ્નની લાલચ આપી શરીર સંબંધ બાંધ્યો હતો. ત્યારબાદ પ્રતિક પટેલ પરિણીતાને લક્ઝરી બસમાં અજમેર લઇ ગયો હતો. દરગાહ પર દર્શન કરીને તેઓ હોટલમાં રોકાયા હતા. ત્યાં પણ પ્રતિકે પરિણીતા સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. તે દરમિયાન પ્રતિક પટેલનું ચૂંટણી કાર્ડ મળતા પરિણીતાએ ફોટો પાડી લીધો હતો. પરિણીતાએ પ્રતિકને તેનું સાચું નામ પૂછતા તેણે પોતાનું નામ ઇકબાલ રસુલભાઇ પરમાર (રહે.ગામ ખેરડા,તા. કરજણ) હોવાનું કબૂલ કર્યુ હતું.

દરમિયાન પરિણીતાને ગર્ભ રહી જતા ઇકબાલ તેને રાવપુરા વિસ્તારની હોસ્પિટલમાં લઇ ગયો હતો. તેણે પોતાનું નામ પરિણીતાના પતિ તરીકે લખાવી સારવાર કરાવી હતી. ત્યારબાદ પ્રતિકનું સાચું નામ ઇકબાલ હોઇ પરિણીતાએ તેની સાથે સંબંધ રાખવાની ના પાડતા તેણે એવી ધમકી આપી હતી કે, તું તારા માથાના વાળ કપાવી નાંખ. નહીંતર હું તારા પુત્રને મારી નાંખીશ. ગભરાઇ ગયેલી પરિણીતાએ માથાના વાળ કપાવી નાંખ્યા હતા. ત્યારબાદ બંને વચ્ચે કોઇ સંપર્ક નહતો. પરંતુ, ગત ૯મી તારીખે ઇકબાલે પરિણીતાને કોલ કરીને સંબંધ રાખવાનું કહેતા તેણે ના પાડી હતી. ઉશ્કેરાયેલા ઇકબાલે પરિણીતાને ગાળો બોલી ધમકી આપી કે, તું મારી નહી તો કોઇ બીજાની થવા દઉં નહી.તું જ્યાં મળીશ ત્યાં તને જાનથી મારી નાખીશ.

# પ્રેમમાં શારીરિક સંબંધો બંધાય તો દુષ્કર્મ ન ગણાય..અલ્લાહાબાદ હાઈકોર્ટનો ચુકાદો




અલ્હાબાદ હાઈકોર્ટે પ્રેમ સંબંધ અને શારીરિક સંબધ સાથે જોડાયેલા એક કેસમાં મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે કહ્યું કે, જો મહિલા શરૂઆતથી જ જાણતી હોય કે, સામાજિક કારણોસર લગ્ન સંભવ નથી, તેમ છતા તે વર્ષો સુધી સંમતિથી શારીરિક સંબંધ બાંધે છે, તો તેને દુષ્કર્મની શ્રેણીમાં મૂકી ન શકાય. આ કેસ બે એકાઉન્ટન્ટ્સ સાથે જોડાયેલો છે. મહિલા એકાઉન્ટન્ટે આરોપ લગાવ્યો હતો કે, વર્ષ ૨૦૧૯માં તેના સહકર્મીએ જન્મદિવસની પાર્ટીના બહાને તેને ઘરે બોલાવી અને નશીલો પદાર્થ પીવડાવીને તેના પર દુષ્કર્મ આચર્યું હતું. પીડિતાનું કહેવું છે કે, આરોપીએ વીડિયો બનાવીને તેને બ્લેકમેઈલ કર્યું અને બાદમાં લગ્નનું વચન આપ્યું હતું. પરંતુ ચાર વર્ષ બાદ મારી જાતિ વિશે મ્હેણું મારીને લગ્ન કરવાનો ઈનકાર કરી દીધો. મહિલાએ આરોપ લગાવ્યો હતો કે, જ્યારે તેણે પોલીસમાં ફરિયાદ દાખલ કરી તો કોઈએ ફરિયાદ દાખલ ન કરી. ત્યાર બાદ તેણે એસ.સી-એસયટી વિશેષ કોર્ટમાં ફરિયાદ દાખલ કરાવી. જોકે, વિશેષ અદાલતે આમાં દુષ્કર્મનો કેસ નથી બનતો એવું કહીને ફરિયાદ રદ કરી દીધી હતી. ત્યારબાદ મહિલાએ અલ્હાબાદ હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને ન્યાયની માંગ કરી હતી.

કોર્ટમાં આરોપી એકાઉન્ટન્ટ તરફથી દલીલ કરવામાં આવી હતી કે, પીડિતાએ ખુદ પોલીસ સ્ટેશનમાં એસપીને લેખિતમાં કહ્યું હતું કે, તે કોઈ કાર્યવાહી કરવા નથી ઈચ્છતી. આ સાથે જ તેનું એ પણ કહેવું હતું કે, આરોપીએ પીડિતાને આપેલા ૨ લાખ રૂપિયા પરત માંગતા તેણે ફરિયાદ દાખલ કરાવી હતી. જસ્ટિસ અરૂણ કુમાર સિંહ દેશવાલની સિંગલ બેન્ચે તમામ તથ્યો પર ધ્યાન આપ્યું અને બાદમાં પીડિતાની અરજી નકારી દીધી હતી.

# તમારા દેશ પાછા જાઓ... બ્રિટનમાં શીખ મહિલા સાથે બે હેવાનોએ આચર્યું દુષ્કર્મ, સાંસદ ભડક્યા




યુનાઇટેડ કિંગડમના ઓલ્ડબરી શહેરમાં એક શીખ મહિલા પર હેવાનિયતથી સ્થાનિક સમુદાયને ઘેરો આઘાત પહોંચ્યો છે. ૨૦ વર્ષની મહિલા પર બે પુરુષોએ બળાત્કાર ગુજાર્યો હતો તેમજ આ હેવાનોએ જાતિ આધારિત અપમાનજનક ભાષાનો પણ ઉપયોગ કર્યો હતો. આ ઘટના ગત મંગળવારે સવારે ૮:૩૦ વાગ્યે ટેમ રોડ પાસે બની હતી. આ ઘટનાને પોલીસે ‘જાતિગત રીતે ગંભીર ગુનો‘ ગણાવતાં કહ્યું કે, ‘હાલમાં અમે હુમલાખોરોને શોધી રહ્યા છે. તેમજ સીસીટીવી અને ફોરેન્સિક તપાસ પણ હાથ ધરવામાં આવી રહી છે. આ હુમલા અંગે પીડિતાએ પોલીસને જણાવ્યું હતું કે, હુમલાખોરોએ તેના પર જાતિગત ટિપ્પણી કરી હતી અને કહ્યું હતું કે ‘તમારા દેશમાં પાછા જાઓ.‘સ્થાનિક મીડિયાના રિપોર્ટ પ્રમાણે, શંકાસ્પદો બંને શ્વેત પુરુષો છે. એકનું માથું મુંડન કરેલું હતું અને તેણે ઘેરા રંગનો સ્વેટશર્ટ પહેર્યો હતો, જ્યારે બીજો ગ્રે ટી-શર્ટ પહેરેલો હતો.

આ ઘટનાને લઈને સ્થાનિક શીખ સમુદાયમાં ભારે આક્રોશ ફેલાયો છે. તેને સીધી રીતે જાણી જોઈને કરવામાં આવેલો હુમલો માનવામાં આવી રહ્યો છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, સમુદાયનો ગુસ્સો સંપૂર્ણપણે વાજબી હતો અને હવે આ વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ વધારવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી હતી.

બર્મિંગહામ એજબેસ્ટનના સાંસદ પ્રીત કૌર ગિલે આ હુમલાની નિંદા કરતાં કહ્યુંઃ ‘આ માત્ર એક અત્યંત હિંસક ગુનો નથી, પરંતુ આ જાતિગત રીતે પણ ઉગ્ર હતો. હુમલાખોરોએ કથિત રીતે પીડિતાને કહ્યું હતું કે, તે અહીંની નથી. પરંતુ હકીકત એ છે કે, તે અહીંની છે. આપણા શીખ સમુદાય અને દરેક સમુદાયને સુરક્ષિત, આદરણીય અને મૂલ્યવાન અનુભવવાનો અધિકાર છે. જાતિવાદ અને સ્ત્રીવિરોધને બ્રિટનમાં કોઈ સ્થાન નથી.

# હોસ્ટેલમાં ઊંઘતા ૮ વિદ્યાર્થીની આંખમાં ફેવીક્વિક નાખી દેતા આંખો ચોંટી, ઓડિશાની હચમચાવતી ઘટના



ઓડિશાના કંધમાલ જિલ્લાના ફિરંગિયા બ્લોકના સલાગુડામાં આવેલી સેવાશ્રમ સ્કૂલનો એક વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. અહીં કેટલાક સૂતેલા સહાધ્યાયીઓ ૮ વિદ્યાર્થીઓની આંખોમાં ફેવિકિક નાખી દીધી હતી. જેના કારણે આ વિદ્યાર્થીઓની આંખો ચોંટી ગઈ હતી, જેથી તાત્કાલિક તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ સમગ્ર મામલો સેવાશ્રમ સ્કૂલના હોસ્ટેલનો હોવાનું કહેવાય છે. કલેક્ટરે હાલમાં આ સમગ્ર ઘટનાની તપાસના આદેશ આપ્યા છે.

મળતી માહિતી પ્રમાણે કંધમાલ જિલ્લાના ફિરંગિયા તાલુકાના સલાગુડામાં સેવાશ્રમ સ્કૂલ છે. અહીં શુક્રવારે મોડી રાત્રે જ્યારે વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં સૂતા હતા, ત્યારે કેટલાક સહાધ્યાયીઓ ૮ વિદ્યાર્થીઓની આંખોમાં ફેવિકિક નાખી હતી. જેના કારણે વિદ્યાર્થીઓની આંખો ચોંટી ગઈ હતી.

આંખો ચોટી જવાના કારણે વિદ્યાર્થીઓ આંખો ખોલી શકતાં ન હતા. જેથી તેમને તાત્કાલિક ગોછાપાડા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા અને સારવાર શરુ કરાવવામાં આવી હતી. તો કેટલાક વિદ્યાર્થીઓને જિલ્લાની મુખ્ય હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા. જ્યા હાલમાં આ વિદ્યાર્થીઓ સારવાર હેઠળ છે. ડોક્ટરે પુષ્ટી કરી કે, ફેવીકિક નાખવાથી આંખોને નુકસાન થયું છે. જો કે, સમયસર સારવાર મળતા ગંભીર ઘટનાને રોકી શકવામાં સફળતા મળી હતી.


વિદ્યાર્થીઓની આંખોમાં કેમ ફેવિકિક નાખવામાં આવ્યું તે જાણવા માટે અધિકારીઓએ તપાસ શરૂ કરી છે. તો, હોસ્ટેલમાં આ ઘટના કેવી રીતે બની તે જાણવા માટે કંધમાલના કલ્યાણ અધિકારીએ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. જ્યારે કલેક્ટરે પણ આ કેસની વિગતવાર તપાસના આદેશ આપ્યા છે.

# રશિયા-યુક્રેનનું યુદ્ધ સમાપ્ત ન થાય ત્યાં સુધી ચીન પર ૧૦૦% ટેરિફ લગાવો



અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નાટો(દ્વઈ્) સાથી દેશોને રશિયા-યુક્રેન યુદ્ધ સમાપ્ત ન થાય ત્યાં સુધી ચીન પર ૫૦ થી ૧૦૦ ટકા ટેરિફ લાદવા સહિત મોસ્કો પર દબાણ લાવવા માટે વ્યાપક પગલાં લેવાની વાત કરી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર એક લાંબી પોસ્ટમાં ડોનાલ્ડ ટ્રમ્પે તમામ નાટો દેશો અને વિશ્વને પત્ર મોકલ્યો હોવાની વાત કરી છે. તેમણે કહ્યું કે, વોશિંગ્ટન રશિયા પર મોટા પ્રતિબંધો સાથે આગળ વધવા માટે તૈયાર છે, પરંતુ ફક્ત ત્યારે જ જો યુરોપિયન ભાગીદારો રશિયન તેલની ખરીદી બંધ કરે અને સંકલિત કાર્યવાહીમાં જોડાય.રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા બધા નાટો રાષ્ટ્રો અને વિશ્વને મોકલવામાં આવેલ પત્રમાં લખ્યું કે, ‘જ્યારે તમામ નાટો દેશો સંમત થાય અને તે જ શરૂઆત કરે અને જ્યારે બધા નાટો દેશો રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરે, ત્યાર પછી હું રશિયા પર મોટા પ્રતિબંધો લગાવવા તૈયાર છું. જેમ તમે જાણો છો, જીત માટે નાટોની પ્રતિબદ્ધતા ૧૦૦% કરતા ઘણી ઓછી રહી છે,

# ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નવરાત્રી મહોત્સવ માટે ફાયર સેફટી ગાઈડલાઈન્સ જાહેર



આગામી નવરાત્રી મહોત્સવ, જે તારીખ ૨૨/૦૯/૨૦૨૫ થી તા. ૦૧/૧૦/૨૦૨૫ સુધી ચાલશે, તેને ધ્યાનમાં રાખીને ગાંધીનગર મહાનગરપાલિકાના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસ દ્વારા જાહેર સલામતી અને ફાયર સેફટી માટે એક વિસ્તૃત માર્ગદર્શિકા (જીૅ) તૈયાર કરવામાં આવી છે.

નિયમો અનુસાર, તમામ નવરાત્રી આયોજકો માટે ટેમ્પરરી ફાયર સેફટી સર્ટીફીકેટ (હ્લજીઝ્રછ્) મેળવવું ફરજિયાત છે. આ માટે, તેમણે ગુજરાત ફાયર સેફટીની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરીને જરૂરી દસ્તાવેજોની હાર્ડ ફાઈલ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે જમા કરાવવાની રહેશે. સ્થળ નિરીક્ષણ બાદ આ સર્ટીફીકેટ આપવામાં આવશે.

માર્ગદર્શિકામાં અનેક મુખ્ય બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આયોજકોએ પંડાલની ક્ષમતા મુજબ જ વ્યક્તિઓને પ્રવેશ આપવો પડશે અને પ્રત્યેક વ્યક્તિ દીઠ ઓછામાં ઓછી ૧ ચોરસ મીટર જગ્યા સુનિશ્ચિત કરવી પડશે. આ ઉપરાંત, મંડપમાં પ્રવેશતા દર્શકો અને ખેલૈયાઓનો દૈનિક રેકોર્ડ પણ રાખવાનો રહેશે.

ઈમરજન્સીના સમયે લોકો સરળતાથી બહાર નીકળી શકે તે માટે પૂરતા ઈમરજન્સી એક્ઝિટ ગેટ રાખવા, જે પરસ્પર વિરુદ્ધ દિશામાં હોવા જોઈએ. મંડપમાં કે પંડાલમાં કોઈપણ પ્રકારની જ્વલનશીલ સામગ્રી, પ્રવાહી કે ફટાકડાનો ઉપયોગ કે સંગ્રહ કરવા પર પ્રતિબંધ છે. વધુમાં, તમામ ઈલેક્ટ્રિક વાયરીંગ માન્ય ઈલેક્ટ્રિકલ એન્જિનિયર દ્વારા તપાસેલું હોવું જોઈએ અને તે પ્રવર્તમાન વીજળી અધિનિયમ મુજબનું હોવું જોઈએ. મૂર્તિ પાસે રાખવામાં આવતા દીવા નીચે રેતીનો બેઝ રાખવો ફરજિયાત છે. દરેક ૧૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ઓછામાં ઓછા બે ૬ કિલોગ્રામના છમ્ઝ્ર ટાઈપ ફાયર એક્સટીંગ્યુશર અને ૪.૫ કિલોગ્રામના ઝ્રੌ૨ ટાઈપ ફાયર એક્સટીંગ્યુશર ઉપલબ્ધ રાખવા પડશે. આયોજકોએ પ્રવેશદ્વાર પર ફાયર વિભાગ, પોલીસ અને એમ્બ્યુલન્સના ઈમરજન્સી સંપર્ક નંબરો દર્શાવતા બોર્ડ પણ લગાવવાના રહેશે.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન આગ અકસ્માતથી સુરક્ષિત રહે તે માટે ફાયર એક્સટીંગ્યુશરનો ઉપયોગ કરનાર જાણકાર વ્યક્તિઓને ચોવીસ કલાક ઉપલબ્ધ રાખવા પણ જણાવવામાં આવ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આ માર્ગદર્શિકાનું પાલન સુનિશ્ચિત કરવા માટે તમામ સ્થળોએ સમયાંતરે ચકાસણી કરવામાં આવશે. જો કોઈ ક્ષતિ જણાશે તો આયોજકોએ તેને સુધારવી પડશે, અન્યથા કાર્યક્રમ બંધ કરાવવાની જવાબદારી આયોજકની રહેશે. અકસ્માતના કિસ્સામાં તમામ જવાબદારી આયોજકની રહેશે તેમ પણ સ્પષ્ટ કરાયું છે.

## જામનગરઃ ભેળસેળયુક્ત ઘી બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ, રૂ.૧.૪૦ કરોડનો મુદ્દામાલ જપ્ત

છેલ્લા કેટલાક સમયથી રાજયમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા વિવિધ સ્થળ પર ઘીની રેડ કરવામાં આવી રહી છે. ત્યારે ધ્રોલ નજીક ક્રિષ્ના ટ્રેડીંગમાં તંત્ર દ્વારા તપાસણી દરમિયાન સોયાબીન-વનસ્પતિની ભેળસેળ પકડી પાડવામાં આવી હતી. જેમાં શુદ્ધ ઘીમાં ભેળસેળ કરી બનાવટી ઘી બનાવવાનો કાચો માલ સમિત કુલ રૂ. ૧.૪ કરોડનો માલ જપ્ત કરાયો છે. ભેળસેળિયા તત્ત્વો દ્વારા મોટા ભાગે ઘીમાં ખાસ પ્રકારનું રિફાઈન્ડ પામ તેલને મુખ્ય ઘટક તરીકે વાપરતા હોવાનું ધ્યાનમાં આવ્યું છે. જેનું ટેક્સ્ચર ઘીને મળતું આવતું આવે છે. આથી તે શંકાસ્પદ જણાઈ આવતાં તેના ઉત્પાદન અંગેની માહિતી એકત્ર કરી અધિકારીઓ દ્વારા આવું ભેળસેળ કરનારા અને તેમની દરેક કડીઓની તપાસ કરતાં તેનો છેડો ગાંધીધામ, કચ્છ ખાતેથી મળ્યો હતો. એચ.ડી.કોશિયાએ વધુમાં કહ્યું હતું કે ભારત ફૂડસ કો-ઓપરેટીવ વિ.-ગાંધીધામ ખાતેથી ચાર નમુના અને ધ્રોલ નજીક ક્રિષ્ના ટ્રેકિંગમાંથી ચાર નમૂના એમ કુલ ૬ નમુના તંત્રના દરોડામાં લઈ ચકાસણી માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. બાકીનો આશરે ૧૦ ટનથી વધુનો જથ્થો કે જેની કિંમત આશરે રૂ ૧.૪૦ કરોડ જેટલી થાય છે, તે જાહેર જનતાના રિફાઈન્ડ પામ તેલ, ને આરોગ્યની સલામતી માટે જપ્ત કરી ઘી માં ભેળસેળ થતી અટકાવવામાં આવી છે. તંત્ર દ્વારા ૧૨ સપ્ટેમ્બરના રોજ ઘીનું ઉપાદન કરતી ક્રિષ્ના ટ્રેડિંગ કંપનીમાં તપાસ હાથ ધરી હતી. જેમાં તંત્ર દ્વારા સ્થળ પરથી ઘી માં સોયાબીન અને વનસ્પતિનું ભેળસેળ કરતા ઈસમોને રંગે હાથ ઝડપી પાડવામાં આવ્યા હતા. જેના આધારે આ એકમના વેપારી ભરતભાઈ ખિમસુરિયાની હાજરીમાં વનસ્પતિના ૩ અને સોયાબીન તેલના એક એમ કુલ ૪ નમૂના લેવામાં આવ્યા છે.

## કચ્છના ૪ ટોલનાકા સોમવાર સુધી ટોલ ફ્રી, ’નો રોડ- નો ટોલ’ આંદોલનની અસર



કચ્છના રાષ્ટ્રીય ધોરીમાર્ગોની ખખડધજ હાલતથી કંટાળેલા ટ્રાન્સપોર્ટ એસોસિએશન દ્વારા સામખિયાળી ટોલ નાકે શરૂ કરવામાં આવેલા ‘નો રોડ, નો ટોલ’ ચક્કાજામ આંદોલનનો સુખદ અંત આવ્યો છે. નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા આગામી બે દિવસમાં તમામ ખખડધજ રોડ પર પડેલા ગાબડાં પૂરી નાખી પેચવર્ક કરવામાં આવશે. સોમવાર મધરાત સુધી એટલે કે ૧૫ સપ્ટેમ્બર રાત્રિના ૧૨ વાગ્યા સુધી સૂરજબારી, સામખિયાળી, મોખા અને માખેલ નાકા ટોલ ફ્રી કરવાની પણ જાહેરાત કરી હતી.

ઉલ્લેખનીય છે કે આંદોલનના પગલે ૪૫થી વધુ વાહનોના પૈડા થંભી ગયા હતા. કચ્છના રાષ્ટ્રીય ધોરીમાર્ગોની હાલત સુધારવામાં નહી આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની ચિમકી આપવામાં આવી છે. જિલ્લાના ૭ ટોલનાકા ઉપર દૈનિક ચાર કરોડનું ટોલનાકું વસુલવામાં આવતું હોવા છતાં ધારીમાર્ગોની ખસ્તા હાલત છે.હાઈવેના રસ્તા ખખડધજ હાલતમાં છે. અનેક રજૂઆતો છતાં માર્ગ મરમત માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી, જેથી નારાજ થઈ આ આંદોલનની શરૂઆત કરવામાં આવી હતી. કચ્છના ટ્રાન્સપોર્ટ જગત દ્વારા કચ્છમાં રાષ્ટ્રીય ધોરીમાગીની ખસ્તા હાલત સામે લડતના મંડાણ કરાયા હતા. અંજાર તાલુકાનાં ખેડોઈ ગામે ગામ લોકોએ જણાવ્યુ હતું કે ગાંધીધામ – મુન્દ્રા નેશનલ પર ઠેર ઠેર અને ડ્રગ્સના હાટડાઓ ધમધમી હોવાથી વાહન ચાલકો નશો કરી પોતાના વાહનો ચલાવતા હોવાથી અનેક નિર્દોષ લોકોનો ભોગ લેવાયા છે. આ ઉપરાંત રોડ પર ઠેર ઠેર ખાડાઓ હોવાથી નાના – મોટા અકસ્માતો રોજીંદા બની ગયા છે. જેથી ગ્રામજનોએ માર્ગ પરથી પસાર થતાં વાહનોને અટકાવી ચાલકોને ગુલાબનું ફુલ આપી, ઠંડી છાશ પીવડાવી નશો કરી વાહન ન ચલાવવા અપીલ કરી હતી.

## વલસાડમાં નશામાં ધૂત કાર ચાલકે અનેક વાહન અને પશુને કચડ્યા,સ્થાનિકોએ ધોલાઈ કરી પોલીસને સોંપ્યો

ગુજરાતમાં કહેવાતી દારૂબંધીની હકીકત છાશવારે સામે આવતી રહે છે. આવી જ એક ઘટના ફરી વલસાડમાંથી સામે આવી છે. જ્યાં દારૂના નશામાં ધૂત કાર ચાલકે કેટલાંક વાહનો અને પશુઓને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં બે લોકો ઈજાગ્રસ્ત થયા હતા તેમજ એક વાછરડી અને શ્વાનનું મોત નિપજ્યું હતું. ઘટના બાદ રોષે ભરાયેલા લોકોએ કાર ચાલકને ગાડીમાંથી બહાર કાઢ્યો અને ખૂબ માર માર્યો હતો. ત્યારબાદ તેને પોલીસને સોંપી દીધો હતો. વલસાડમાં શુક્રવારે (૧૨ સપ્ટેમ્બર) મોડી રાત્રે દારૂના નશામાં ધૂત કારચાલકે અનેક લોકોને કચડ્યા હતા. ધરમપુર ચોકડીથી ઈંમ્બ્રિજ તરફ જતા રસ્તે કાર ચાલકે રોડ પર પાર્ક કરેલા વાહનો અને રસ્તા પર બઠેલા પશુઓને ટક્કર મારી હતી. અકસ્માતમાં બે વ્યક્તિઓને ઈજા થઈ હતી અને એક વાછરડી અને શ્વાનનું મોત નિપજ્યું હતું. જોકે, અકસ્માત બાદ કાર ચાલક ત્યાંથી ભાગવાનો પ્રયાસ કરતો હતો પરંતુ, સ્થાનિક લોકોએ તેનો પીછો કરી તેને ઝડપી લીધો હતો. જ્યારે આ કાર ચાલક ઝડપાયો તો જાણ થઈ કે, તે દારૂના નશામાં ધૂત હતો. જેનાથી સ્થાનિક રોષે ભરાયા હતા અને તેને ઢોર માર માર્યો હતો. સ્થાનિકોએ તેના કપડા કાઢીને આખા રસ્તે માર મારવામાં આવ્યો અને બાદમાં પોલીસને સોંપી દેવામાં આવ્યો.




Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.